મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૫.૧ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૮ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં વરસાદી માહોલ વચ્ચે મચ્છરજન્ય રોગ વધ્યા

## સાદો તાવ અને મેલેરિયાનાં દર્દીઓથી સિવિલમાં લાંબી કતારો લાગી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં વરસાદી માહોલની વચ્ચે મચ્છરજન્ય રોગચાળો ધીમેધીમે માથું ઉંચકી રહયો છે. સતત રહેતાં વાદળછાયા વાતાવરણ તેમજ ઠેરઠેર વરસાદી પાણી ભરાઈ રહેવાના કારણે સાદો તાવ મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગોમાં વધારો આવી રહયો છે. ગાંધીનગરમાંછેલ્લા અઠવાડીયાથી મચ્છરજન્ય રોગના દરરોજના ૧૦૦થી વધુ દર્દીઓ નોંધાઈ રહયા છે. જેના કારણે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. શહેરમાં હાઉસ ટુ હાઉસ ફોગીંગ ૫૦૦થી વધુ ઘરોમાં કરવામાં આવ્યું છે. જે દરમિયાન ત્રણ હજારથી વધુ ખાડાઓ જોવા મળ્યા છે. જેમાં પાણી ભરાયેલા રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે. ચોમાસાના દિવસોમાં શહેરીજનોને ખુબજ કાળજી રાખવી પડશે.

આ મચ્છરજન્ય બિમારીઓના કારણે ઘરે ઘરે દર્દીઓ થાય તે પહેલા આરોગ્ય વિભાગ દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવી રહી.

### શરદી, ખાંસી અને સામાન્ય તાવના દર્દીઓની સંખ્યા વધી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલમાં મેડીસીન વિભાગમાં દર્દીઓ સારવાર લેવા આવી રહયા છે જેમાં શરદી, ખાંસી અને સામાન્ય તાવના દર્દીઓની સંખ્યા વધારે જોવા મળે છે. ચોમાસાની મોસમ શરૂ થતાં જ શહેરમાં મેલેરિયા, સાદો તાવ, ડેન્ગ્યુના કેસોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહયો છે. જેના કારણે સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહયો છે.

### મચ્છરજન્ય રોગોમાં નોંધપાત્ર ઉછાળો

વરસાદી મોસમ પુરબહારમાં ખીલી છે જેની સાથોસાથ મચ્છરજન્ય રોગોમાં પણ નોંધપાત્ર ઉછાળો આવી રહયો છે. શહેરમાં વરસાદી માહોલ છવાયો હોવાથી સુર્યના દર્શન થવા મુશ્કેલ બની રહયા છે. શહેરમાં વરસાદી વાતાવરણની અસરથી મચ્છરજન્ય રોગચાળો વકરી રહયો છે. ગાંધીનગરમાં ઠેરઠેર વરસાદી પાણી ભરાઈ રહેવાથી તેમજ ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. જેના કારણે ગાંધીનગર સિવિલમાં દવાઓના વિભાગમાં સામાન્ય દિવસો કરતાં ૨૦ ટકાથી વધુ દર્દીઓ સારવાર લેવા માટે આવી રહયા છે.

### શહેરમાં માઉન્ટેડ ફોગિંગ મશીન વસાવાયું

ગાંધીનગરમાં વાહકજન્ય રોગચાળાને નાથવા ફોગિંગ કરવા માટે માઉન્ટેડ ફોગિંગ મશીન વસાવ્યું છે. જેના થકી હાઉસ ટુ હાઉસ ફોગિંગ કરવામાં આવશે.

### ગઈ સાલ મનપાએ પાંચ વખત સિવિલ તંત્રને નોટિસ આપી હતી

ગાંધીનગર મહાનગર પાલિકાએ ગયા વર્ષે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને પાંચ વખત નોટિસ આપી હતી. મચ્છરોનું સૌથી મોટું બ્રીડીંગ સેન્ટર સિવિલની ઉપર રહેલી પાણીની ટાંકીઓ છે. કારણકે આ ટાંકીઓને ઢાંકણા નથી અને ટાંકીઓની ઉંચાઈ વધુ હોવાના કારણે રીપેરીંગ પણ નથી કરાવતા. આ ઉપરાંત પાણીના નિકાલ માટે જે ઢાળ મળવો જોઈએ તે મળતો નથી તેથી પાણી ભરાઈ રહેવાના કારણે મચ્છરોની ઉત્પત્તિ થઈ રહી છે. એક તબક્કે આખી સિવિલ હોસ્પિટલને ફોગીંગ કરાવી હતી.

### શહેરમાં ત્રણ હજાર જેટલા ખાડાઓ નોંધાયા

વરસાદી માહોલમાં ઠેરઠેર ખાડાઓ પડવાના કારણે વરસાદી પાણી ભાડાઓમાં ભરાઈ જાય છે જે પાણી દસ દસ દિવસો સુધી ભરાયેલું જોવા મળે છે. પાણી ભરાવાના કારણે અહીંયાથી મચ્છરોનો ઉપદ્રવ પેદા થાય છે. શહેરમાં આ વર્ષે નાના-મોટા એમ ત્રણ હજાર જેટલા ખાડાઓ નોંધાયા છે. જેના કારણે મચ્છરોની ડેન્સીટી વધવા પામી છે.

### વરસાદના કારણે કાદવ-કીચડ અને ગંદકીનું સામ્રાજ્ય

શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી છુટો છવાયો વરસાદ વરસી રહયો છે જેના કારણે કાદવ-કીચડ તેમજ ગંદકીનું સામ્રાજ્ય ઉભું થઈ ચુકયું છે. વરસાદી સીઝન શરૂ થતાં આરોગ્ય તંત્રની ટીમ દ્વારા સર્વેલન્સની કામગીરી શરૂ કરી દઈ સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહયું છે ચોમાસાની ઋતુમાં વાહકજન્ય રોગો વધી જવાની સૌથી વધુ સંભાવના રહેતી હોય છે. જેના કારણે મેલેરિયા શાખા પણ એલર્ટ મોડ ઉપર આવી ગયું છે.

## જન્મદિને વધામણી

મિવાન ભાવેશકુમાર આગજા

અશ્વિન જે જાટીયા
સેકશન અધિકારી, સા.વ.વિભાગ, સભ્ય, આહિર યુવા ફોરમ ગાંધીનગર

મિતેષ માલજીભાઈ રબારી

ચીમનલાલ એમ પટેલ
મો. ૯૭૧૨૭ ૩૪૬૯૦

તૃષિલ જિજ્ઞેશકુમાર ગજ્જર

પ્રદિપકુમાર આર. સુખડીયા
મો. ૯૪૨૮૮ ૩૩૨૯૨

પ્રિન્સ પટેલ
મો. ૭૯૯૦૭ ૦૨૨૨૭

ઉમંગ રમેશભાઈ પરમાર

ચાર્વી નિમેષકુમાર પટેલ
મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪

હેતલ કે પ્રજાપતિ

મનોજ સોલંકી

નેચર ફર્સ્ટ પ્લાસ્ટિક મુક્ત ગાંધીનગર ૫૧મુ અભિયાન યોજાયું હતું. અક્ષરધામના દ્વારેથી પૂર્વ ગૃહ મંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પૃથ્વીના અને દરિયાના પેટાળમા પ્રદુષણના કારણે ખુબ નુકશાન થાય છે માટે પ્લાસ્ટિકનો ઉપયોગ બિલકુલ બંધ કરવા ભાર મુકયો હતો. નારાયણ ભાઈ પટેલ, કુમાર ભીમાણી, જીલુભા દાંધલ તથા અન્ય કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

# પેથાપુર ખાતે બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ ચોર્યાસી યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ પેથાપુર દ્વારા તા.૨ ઉમીએ બ્રહ્મ ચોર્યાસી, વિદ્યાર્થી પુરસ્કાર તથા બ્રહ્મ સંમેલનનું આયોજન કર્યું હતુ. જેમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર શાખાના પ્રમુખ પૂનમ ભટ્ટ ઉપ-પ્રમુખ કિશોર પંડ્યા, પ્રકાશ ભટ્ટ મંત્રી વિમલભાઈ વ્યાસ, પ્રચાર-પ્રસાર સમિતિના કાર્યકર અંકિત પંડ્યા તથા કારોબારી સભ્યો તથા સમસ્ત પેથાપુરના ભૂદેવોના સાથ સહકારથી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રમુખ નરેશભાઈ દવે, પ્રમુખ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સેક્ટર-૧૬, મંત્રી મુકેશભાઈ શુકલ, ખજાનચી નરેન્દ્રભાઈ વ્યાસ, પ્રમુખ કલ્પેશભાઈ મહેતા, સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ, મંત્રી પંકજભાઈ પંડ્યા, સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ તથા ખજાનચી અનુપ વ્યાસ જેઓ પ્રોગ્રામમાં હાજર રહ્યા હતા. જેમાં બ્રહ્મ ચોર્યાસીના દાતા અનુપભાઈ વ્યાસ હતા. વિદ્યાર્થી પુરસ્કારના દાતા ગં.સ્વ. ગૌરીબેન વલ્લભરામ પંડ્યા હતા.

# કીપ સ્માઈલીંગ ગ્રૂપના યુવાનો દ્વારા તક વંચિત બાળકો સાથે સમય દાન

ગાંધીનગર, તા.૨૪

કીપ સ્માઈલીંગ ગ્રૂપના યુવાનો રવિવારે ગાંધીનગર શહેરની અલગ અલગ સંસ્થાઓમાં જઈને ત્યાં રહેલા તક વંચિત બાળકો સાથે સમય દાન કરે છે. બાળકો સાથે રમીને એમને ખુશ ખુશાલ રાખે છે.

રવિવારના રોજ સવારે આ યુવાનો આ વખતે સેક્ટર - ૧૯ ખાતે સ્પેશિયલ ચાઈલ્ડ હોમના બાળકો સાથે સમય પસાર કર્યો હતો. ગ્રૂપના એક સભ્ય હાર્દિકસિંહ ચુડાસમાનો જન્મ દિવસ હોવાથી એણે સૌને ચોકલેટ આપી હતી. ગ્રુપના દીપ પટેલ અને પૂજા ચાવડાએ બાળકો સાથે ઊભી ખો રમી હતી. અન્ય મિત્રોએ સાથે મળીને ક્રિકેટ રમ્યા હતા. ત્યાં રહીને અભ્યાસ કરતા અને ચિત્રમાં રૂચિ ધરાવતા બાળકો માટે ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે ચિત્રના પ્રશિક્ષકની વ્યવસ્થા કરી આપી હતી. વરસતા વરસાદમાં કીપ સ્માઈલીંગના યુવાઓએ આ બાળકો પર પ્રેમ વરસાવ્યો હતો.

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં ડભોડા ગામનાં દાદુનગરથી રામાજીના પરા સુધી તૈયાર સી.સી.રોડનુ ઉદ્ઘાટન ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોરે કર્યું હતું. જેમાં ડભોડા ગામનાં લલિતસિંહ, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યા હતા.

# બોરિજની પ્રાથમિક શાળાનાં બાળકોને માર્શલ આર્ટ્સની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૨૪

સોશિયલ એક્ટિવિટી ચેરિટેબલ ટ્રસ્ટનાં સહયોગથી બોરિજ ખાતે સરકારી પ્રાથમિક શાળાનાં બાળકોને સ્વરક્ષણ બાબતે તાલીમ આપી જાગૃત કરવાના લક્ષ્ય સાથે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં સેક્રેટરી, પ્રથમ ડિગ્રી બ્લેક બેલ્ટ તથા નેશનલ ચેમ્પિયન અને ૧૮ વર્ષના અનુભવી મિલાપ ટાટારિઆ દ્વારા માર્શલઆર્ટ્સની તાલીમ ખુબજ સરળ રીતે તમામ ભાઈઓ અને દિકરીઓને પ્રેક્ટિકલી બતાવી હતી. સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને ડૉ. નિધિ લેકિનવાલાએ મિલાપ ટાટારિઆને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર સીતાબેન શીવાજી** ઉ.વ.૬૨, હાલીસા, દહેગામ
- **સ્વ.જોષી વાસુદેવ દલસુખરામ** ઉ.વ.૭૦, સેકટર-૭
- **સ્વ.દંતાણી સુરેશભાઈ ફુલચંદભાઈ** ઉ.વ.૪૦, પેથાપુર
- **સ્વ.અગ્રવાલ વિના એમ** ઉ.વ.૬૮, મોઢેરા, અમદાવાદ
- **સ્વ.સાધુ સીતારામ રામદાસ** ઉ.વ.૭૭, સેકટર-૫

# શહેરમાં રીક્ષાઓના ધૂમાડાઓથી હવા પ્રદૂષણનો ભય

## માર્ગો પર ચાલતા જૂના વાહનો અને રીક્ષાઓમાંથી નીકળતા ધૂમાડાઓ શહેરની શુદ્ધ હવાને પ્રદૂષિત કરી રહ્યા છે : ઈ-રીક્ષાઓની ખરીદી ઉપરાંત ઈ-વાહનો પ્રદૂષણ નિયંત્રણ માટે ફાયદામંદ

ગાંધીનગર, તા. ૨૪

શહેરભરમાં પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આ વાહનો મોટા પ્રમાણમાં કાર્બન ઉત્સર્જન કરે છે. જેના કારણે વાતાવરણનું પ્રદૂષણ પણ દિન-પ્રતિદિન વધતુ જાય છે. ગાંધીનગરમાં પણ ક્લાયમેટ ચેન્જની અસર જોવા મળી રહી છે. શહેરમાં વાહનોની સંખ્યા વધી રહી છે. જેના કારણે વાહનોનું પ્રદૂષણ વધવા પામ્યું છે. જેમાં સૌથી વધુ પ્રદૂષણ રીક્ષાઓ અને જૂના વાહનોમાંથી થઈ રહ્યું છે. શહેરમાં રીક્ષાઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. જેમાં કેરોસીનનું મિશ્રણ હોવાના કારણે મસમોટા ધૂમાડાઓ વાતાવરણમાં ફેલાવે છે. જેના કારણે વાતાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. ગાંધીનગરમાં વધતા જતા વિકાસના કારણે વાહનોની માત્રા વધી રહી છે. જેમાં મુસાફરી માટેના વાહનો પણ વધી ગયા છે. ટ્રાફિક સમસ્યાની સાથે સાથે વાહનોના ધુમાડાઓના લીધે શહેરની હવા પ્રદૂષિત બની રહી છે. ગાંધીનગરમાં દિન પ્રતિ દિન વૃક્ષોની સંખ્યામાં ઓછપ વર્તાઈ રહી છે.

ત્યારે શહેરમાં ઘટતી ગ્રીનરીની સાથે સાથે વાતાવરણ પ્રદૂષિત બની રહ્યું છે. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે સરકાર દ્વારા ઈ-વાહનોની સુવિધા કરી છે તેમ છતાં ઈ-વાહનોની ખરીદી સામે પેટ્રોલ-ડિઝલથી ચાલતા વાહનોની માત્રા વધારે છે. જેમાં ઈ-રીક્ષાની પણ સુવિધા કરવામાં આવી છે. પરંતુ ગાંધીનગરમાં ઈ-રીક્ષા જોવા મળી રહી નથી. તેની સામે શહેરમાં ધૂમાડાઓ કાઢતી અને ખટારાની માફક ઘોંઘાટ કરતી રીક્ષાઓ જોવા મળી રહી છે.

જે વાયુ પ્રદૂષણ ઉપરાંત ધ્વનિ પ્રદૂષણ પણ કરી રહી છે. ૮ વર્ષથી જૂના વાહનો સામે વર્ષ ૨૦૨૩માં કડક કાર્યવાહી કરવામાં આવશે તેવું કેન્દ્ર સરકારે નિર્ણય લીધો છે પરંતુ ૨૦૨૩ પહેલા તો વાતાવરણ પ્રદૂષિત બની જશે તેનું શું ? જો કે વાતાવરણને સ્વચ્છ રાખવા માટે શહેરીજનોએ પણ ખૂબ કાળજી લેવી જોઈએ માત્ર સત્તાધીશો આ મુદ્દા પર વિચારે તે પણ યોગ્ય નથી. દરેક નાગરિકે પ્રદૂષણ નિયંત્રણમાં પોતાનો ફાળો આપવો જોઈએ અને વાતાવરણને પ્રદૂષિત થતા અટકાવવું જોઈએ.